**ફોજદારી કેશ નં. : ૩૭૭/૨૦૨૬**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આ કામના આરોપી **<u>તરશીભાઈ ભીખાભાઈ કોલી</u>** નાઓ સામે ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ–૬૬(૧)(બી)ના ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સબંધની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરશીશ આ અદાલતમાં આપેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે ગુન્હો કબુલ કરવા તે બંધાયેલ નથી તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે, જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતાં તે મંજુર કરવામાં આવે છે અને આરોપી ને તેમની સામેના ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ : ૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે કબુલાત આધારે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

વધુમાં આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે તેમજ તેમની ઉપર કુંટુંબની જવાબદારી છે અને ગરીબ માણસ છે જેથી દયા કરવા અરજ કરેલ છે.

નામદાર ગુજરાત વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નંબર : ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર**ના કેસમાં એવા સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છેકે જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ અદાલતને કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવા ની સત્તા છે. આમ સદરહુ ચુકાદાના પાના નંબર : ૭૨૧ ઉપર પેરા –૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું. જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હું નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>:: હુ ક મ ::</u>**

આ કામના તહોમતદારને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ : ૨૬૪ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ : ૬૬(૧)(બી) ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની શિક્ષા તથા રૂ.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

હુકમ આજરોજ યોજાયેલ લોકઅદાલત દરમિયાન રાખવામાં આવેલ સ્પે. સિટીંગ ઓફ જયુ.મેજી. માં **તા. ૧૪ મી માર્ચ, ૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

સ્થળ: અંજાર
તારીખ: ૧૪/૦૩/૨૦૨૬

**(એસ.ડી.ત્રિપાઠી)**
બીજા અધિક ચીફ જ્યુડી. મેજી.
ઈન સ્પે. સિટિંગ ઓફ મેજી.
અંજાર (GJ01402)